જવાહરલાલ નહેરૂ રાષ્ટ્રીય નવીનીકરણ યોજના (JNNURM) હેઠળ (UIG)ના પ્રોજેકટો માટે ફાળવેલ સહાય ગુજરાત શહેરી વિકાસ મીશન(GUDM) ને હવાલે મૂકવા બાબત.

ગુજરાત સરકાર
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: UIG /૧૧૦૮/૮૬૪/ધ.
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: 19 APR 2008

**વંચાણે લીધેલ:-**

(૧) શ.વિ.અને શ.ગૃ.નિ.વિના તા.૨૦/૧/૦૬ ના ઠરાવ નંબર:અર્બન/૦૫/૪૮૯/અર્બન મીશન.
(૨) શ.વિ.અને શ.ગૃ.નિ.વિ.ના તા.૨૦/૧/૦૬ ના ઠરાવ નંબર:અર્બન/૦૫/૪૮૯/અર્બન મીશન.
(૩) શ.વિ.અને શ.ગૃ.નિ.વિભાગના પરિપત્ર ક્રમાંક:અપબ/૧૨૦૮/૮૪૬/બ. તા.૮/૪/૦૮

**ઠ રા વ:-**

જવાહરલાલ નહેરૂ રાષ્ટ્રીય નવીનીકરણ યોજના (JNNURM) કેન્દ્ર સરકાર તરફથી જાહેર કરેલ છે. જેનું અમલીકરણ કરવા ઉપરોકત વંચાણે લીધેલ ઠરાવ ક્રમાંક ૧ અને ૨ થી રાજ્ય સ્તરે ગુજરાત શહેરી વિકાસ મીશન (GUDM) ની રચના કરવામાં આવેલ છે. તથા તેનું અમલીકરણ કરવા માટે માન.મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષપદે ગર્વનીંગ બોડી, સ્ટેટ લેવલ સ્ટેયરીંગ કમિટી તથા એકઝયુકટીવ કમિટીની રચના પણ કરવામાં આવેલ છે.

જવાહરલાલ નહેરૂ શહેરી નવીનકરણ યોજનાઓના પ્રોજેકટસ કેન્દ્ર સરકારને મોકલવામાં આવેલ છે. મંજુર થયેલ પ્રોજેકટની ચૂકવણી અર્થે વિભાગની બજેટ શાખાએ ઉપર સંદર્ભ-૩ ના પરિપત્રથી રૂ.૨૦,૧૭,૫૦,૦૦૦/-(અંકે રૂપિયા વીસ કરોડ, સત્તર લાખ પચાસ હજાર પુરા) ફાળવેલ છે. જે જવાહરલાલ નહેરૂ રાષ્ટ્રીય નવીનીકરણ યોજના(UIG) માટે આથી છૂટી કરેલ છે. જે ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશનને હવાલે આથી મૂકવામાં આવે છે. સદરહુ ગ્રાન્ટ કેન્દ્ર સરકારની (UIG) પ્રોજેકટ હેઠળ ખરેખર ગ્રાન્ટ મળે ત્યાર બાદ જ આ ગ્રાન્ટ વાપરવાની રહેશે.

આ યોજના માટે વર્ષ ૨૦૦૮-૦૯ માં કૂલ રૂ૨૮૮,૦૦,૦૦,૦૦૦/- (અંક રૂપિયા બસો ઇઠયાશી કરોડ પૂરા) ની જોગવાઇ કરવામાં આવેલ છે આ વિભાગની ફાઇલ ક્રમાંક બજટ/૧૦૨૦૦૭/૩૭૦૪/ધ ઉપર નાણા વિભાગની તા.૨૫/૩/૦૮ ની નોંધથી વહીવટી મંજૂરી મળેલ છે. જે પૈકી રૂ. ૨૦,૧૭,૫૦,૦૦૦/-(અંકે રૂપિયા વીસ કરોડ, સત્તર લાખ પચાસ હજાર પુરા) નોડલ એજન્સી GUDM ને હવાલે મૂકાઇ જશે.

ઉપરોકત રકમો કેન્દ્ર સરકારની માર્ગદર્શક સૂચનાઓ પ્રમાણે વાપરવાની રહેશે અને કેન્દ્ર સરકારને વખતોવખત વપરાશી પ્રમાણપત્રો તેમજ નાણાકીય અને ભૌતિક ત્રિમાસિક પ્રગતિ અહેવાલ વખતો વખત કેન્દ્ર સરકારને તેમજ રાજય સરકારને મોકલવાના રહેશે.

આ અંગેનું બિલ આ વિભાગના કેસ સેકશન દ્વારા બોમ્બે ટ્રેઝરી રૂલ્સ પ્રમાણે બિલ બનાવી તેમાં આ ઠરાવના નંબર અને તારીખ ટાંકી નાયબ સચિવશ્રી(પ્રો.) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના પ્રતિ હસ્તાક્ષર મેળવી તિજોરીમાંથી મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મીશન, ગાંધીનગરના નામનો ચેક મેળવી, મુખ્ય કારોબારી અધિકારીશ્રી,

ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મીશન, ગાંધીનગરને મોકલવાની કાર્યવાહી કરવાની રહેશે. આ કામગીરીમાં વિભાગની રોકડ શાખાને બિલ મંજૂર થઇ ચેક મળે ત્યાં સુધી ટ્રેઝરી સાથે પરામર્શમાં મદદરૂપ થવા માટે અર્બન મીશનના અધિકારીશ્રી, ગાંધીનગરે પણ કાર્યવાહી કરવાની રહેશે.

સદરહુ રકમ ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મીશને નાણાં વિભાગની સૂચનાઓ મુજબ જી.એસ.એફ.એસ.માં રાખીને અને નાણાં વિભાગની સૂચનાઓ મુજબ સંબંધિત મહાનગરપાલિકાઓને બેન્ક એકાઉન્ટ નંબરની વિગતો સાથે એકાઉન્ટ પેઇ ચેકથી ચૂકવણું કરવાનું રહેશે.

૪. આ અંગેનો ખર્ચ ૨૦૦૭-૦૮ ના વર્ષની મંજૂર થયેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે અને નીચે દર્શાવેલ બજેટ સદરે ઉધારવાનો રહેશે.

માંગણી નં.૧૦૨

મુખ્ય સદર-૨૨૧૭-શહેરી વિકાસ-૦૩ નાના અને મધ્યમ નગરોનો સંકલિત વિકાસ,

(૧૯૧) સ્થાનિક સંસ્થાઓ, નિગમો, શહેરી વિકાસતંત્રો, નગર સુધારણા બોર્ડ વિગેરેને સહાય.

(૪૨) યુડીપી (૧૬) પૂર્વ જરૂરીયાતો અને તેના નિયંત્રણ માટે જવાહરલાલ નહેરૂ રાષ્ટ્રિય શહેરી નવીનીકરણ અભિયાન (આયોજન) કેન્દ્ર પુરસ્કૃત યોજના

ચાર્જેબલ હેડ:૨૨૧૭ ૦૩ ૧૯૧ ૪૦૪

કોમ્પ્યુટર કોડ નંબર: ૫૧૭૩૨૫

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( વી.સી.વિનોદ )
નાયબ સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

પ્રતિ,

૧. રાજયપાલશ્રીના અંગત સચિવશ્રી,
૨. માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી
૩. માન.મંત્રીશ્રીઓ(તમામ) સચિવાલય, ગાંધીનગર.
૪. ઉપ સચિવશ્રી,(રોકડ)શ. વિ. અને શ. ગૃ.નિ. વિભાગ,સચિવાલય, ગાંધીનગર (ત્રણ નકલ)
૫. અધિક મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મીશન, ગાંધીનગર.
૬. મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, અમદાવાદ.
૭. ઓડીટર જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
૮. નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગુજરાત રાજય, ગાંધીનગર.
૯. સેકશન અધિકારીશ્રી,બ-શાખા, શ. વિ. અને શ. ગૃ.નિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૦. નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૧. મુખ્ય અધિકારીશ્રી, ઉના, પાટણ, હાલોલ, ખંભાત,
૧૨. નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ ઓડીટ, અમદાવાદ.
૧૩. જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.